# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

**************************************************

1) **નવકાર મહામંત્ર દિવસ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જળવાયુ પરિવર્તનના પડકારને પહોંચી વળવા માટે સહિયારા પ્રયાસની અપીલ કરી**
2) **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ તેના પોલિસી રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને છ ટકા કર્યો**
3) **અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને ચીન પર લાદેલા ટેરિફનો આજથી અમલ શરૂ**
4) **કોંગ્રેસના ટોચના રાષ્ટ્રીય નેતાઓની ઉપસ્થિતિમાં અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કોંગ્રેસનું અધિવેશન યોજાયું**
5) **આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે આઇપીએલની મેચ રમાશે**

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી બે વાગીને 30 મિનિટે આપ પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# PM NAVKAR MANTRA PAGE 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આબોહવા પરિવર્તનને આજની સૌથી મોટો પડકાર ગણાવ્યો છે.  તેમણે કહ્યું કે, તેનો ઉકેલ ટકાઉ જીવનશૈલી છે, જેનો જૈન સમુદાયે સદીઓથી અભ્યાસ કર્યો છે. શ્રી મોદીએ આજે નવી દિલ્હીમાં નવકાર મહામંત્ર દિવસ નિમિત્તે એક કાર્યક્રમને સંબોધન કરતી વખતે આ વાત કરી હતી. તેમણે ટિપ્પણી કરી હતી કે, જૈન સમુદાય સદીઓથી સરળતા, સંયમ અને ટકાઉપણાના સિદ્ધાંતો સાથે જીવી રહ્યો છે.

પ્રધાનમંત્રીએ તેમના સંબોધનમાં  વોકલ ફોર લોકલ પર પણ ભાર મૂક્યો હતો.. નવકાર મહામંત્રની ફિલસૂફી વિકસિત ભારતના વિઝન સાથે જોડાયેલી છે તે બાબત પર પ્રકાશ પાડતા તેમણે લોકોને પાણી બચાવવાનો સંકલ્પ, માતાના નામે એક વૃક્ષ, સ્વચ્છતા મિશન, સ્થાનિક, ઘરેલું પ્રવાસન માટે અવાજ ઉઠાવવો, કુદરતી ખેતી અપનાવવી, સ્વસ્થ જીવનશૈલી અપનાવવી, યોગ અને રમતગમતને જીવનમાં લાવવી અને અંતે ગરીબોની મદદ કરવાના એમ નવ સંકલ્પ કરવાની અપીલ કરી હતી.

## (બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

# PM NAVKAR MANTRA PAGE 2

પોતાના સંબોધનમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, નવું ભારત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા તકો શોધશે અને વિશ્વ આધ્યાત્મિકતાનો માર્ગ ચિંધશે. વિકસિત ભારતના વિઝન વિશે વાત કરતાં શ્રી મોદીએ કહ્યું કે વિકસિત ભારતનો અર્થ વિકાસની સાથે સાથે વારસો પણ છે. તેમણે ઉમેર્યું હતું કે, વિકસિત ભારત તેની સંસ્કૃતિ પર કામ કરશે અને પ્રકાશ પાડ્યો હતો કે, 20થી વધુ તીર્થંકરોની મૂર્તિઓ વિદેશમાંથી પરત કરવામાં આવી છે.

## (બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી)

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ 108થી વધુ દેશોના લોકો સાથે આધ્યાત્મિક પ્રાર્થના, નવકાર મહામંત્રનો પણ જાપ કર્યો હતો. તેના મહત્વ પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ કહ્યું કે તે માત્ર એક મંત્ર નથી પરંતુ શ્રદ્ધાનું કેન્દ્ર છે.

. . . . . . . . . . . . . . .

# RBI-POLICY

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તેના પોલિસી રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને છ ટકા કર્યો છે. આજે મુંબઈમાં આ જાહેરાત

કરતા, RBI ગવર્નરે જણાવ્યું કે, છ સભ્યોની સમિતિની સર્વ સંમતિથી આ નિર્ણય લેવાયો હતો.

નિર્ણયોની જાહેરાત કરતી વખતે, RBI ગવર્નરે જણાવ્યું કે, સમિતિ એ
2025-26માં GDP વૃદ્ધિનું અનુમાન 6.7 ટકાથી ઘટાડીને 6.5 ટકા કરવાનો પણ નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું કે, 2025-26 માં ફુગાવો 4 ટકા રહેવાની ધારણા છે. MPC ની બેઠક 7, 8 અને 9 એપ્રિલના રોજ મુંબઇમાં મળી હતી.

. . . . . . . . . . . . . . . .

# FM-UK VISIT

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, ભારત વિદેશી બેંકો માટે મોટી વૃદ્ધિની તકો પ્રદાન કરી રહ્યું છે અને સરકાર બેંકિંગ ક્ષેત્રમાં વિદેશી રોકાણને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહી છે.

લંડનમાં ભારત-યુકે રોકાણકાર ગોળમેજી ચર્ચાને સંબોધતા, નાણામંત્રીએ ટકાઉ આર્થિક વિકાસ અને રોકાણની તકો વધારવા માટે સરકારની પ્રાથમિકતાઓની રૂપરેખા આપી, જેમાં નીતિગત સમર્થનનો સમાવેશ થાય છે.

**નાણામંત્રીએ જણાવ્યું કે, ભારત વર્ષ 2032 સુધીમાં છઠ્ઠું સૌથી મોટું વીમા બજાર બનવા માટે તૈયાર છે, જેમાં વર્ષ 2024 થી 2028 સુધીમાં 7.1 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દરની સંભાવના છે. આ વૃદ્ધિ તેને G-20 દેશોમાં સૌથી ઝડપથી વિકસતા વીમા બજારોમાંનું એક બનાવે છે. નાણામંત્રીએ કહ્યું કે સ્થાનિક યુનિકોર્ન કંપનીઓની સંખ્યાના સંદર્ભમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે.**

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# TRUMP TERRIF

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના લદાયેલો ટેરિફ આજથી અમલમાં આવ્યા છે, જેમાં ચીની આયાત પર 104 ટકાનો ટેરિફ પણ સામેલ છે. વ્હાઇટ હાઉસે પુષ્ટિ કરી કે, નવુ ટેરિફ માળખું રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બેઇજિંગને અમેરિકન માલ પરના 34 ટકા ટેરિફ પાછા ખેંચવા માટે આપેલા અલ્ટીમેટમને કારણે છે.

ભારતથી આયાત પર ડોનાલ્ડ ટ્રમ્પના 26 ટકા ટેરિફ પણ આજે સંપૂર્ણ અમલમાં આવ્યા છે. ભારત ઉપરાંત, ટ્રમ્પે વિયેતનામ પર 46%, તાઇવાન પર 32%, દક્ષિણ કોરિયા પર 25%, જાપાન પર 24% અને યુરોપિયન યુનિયન પર 20% ટેરિફની જાહેરાત કરી હતી.

ગોલ્ડમેન સૅશના મતે, ચીનના અર્થતંત્ર માટે તે એક મોટો ફટકો હોઈ શકે છે જે બેઇજિંગના વિકાસને 2.4 ટકા પોઈન્ટ ઘટાડી શકે છે.

આ ટેરિફના અમલ બાદ હવે આ અઠવાડિયાની શરૂઆતમાં, યુએસ સ્ટેટ સેક્રેટરી માર્કો રુબિયો અને વિદેશ મંત્રી એસ જયશંકરે ટેરિફ પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. યુએસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને પક્ષોએ વાજબી અને સંતુલિત વેપાર સંબંધો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને દોહરાવી હતી.

. . . . . . . . . . . . . . .

## SRI LANKA-US TRUMP

શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પત્ર લખીને શ્રીલંકાના નિકાસ પર તાજેતરમાં લાદવામાં આવેલા પારસ્પરિક ટેરિફમાંથી રાહત મેળવવાની માંગ કરી છે.

શ્રમ મંત્રી અનિલ જયંત ફર્નાન્ડોએ સંસદમાં આ વાતની પુષ્ટિ કરી. તેમણે કહ્યું કે, આ પત્ર વ્હાઇટ હાઉસ સુધી પહોંચી ગયો છે. રાષ્ટ્રપ્રમુખ દિસાનાયકે પત્રમાં કહ્યું કે, આનાથી શ્રીલંકાના અર્થતંત્ર માટે જોખમ ઊભું થાય છે. તેમણે તેની અસર ઘટાડવા માટે વાટાઘાટોનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે કહ્યું કે, શ્રીલંકા વાતચીત માટે તૈયાર છે, અને પરસ્પર સહયોગ દ્વારા ઉકેલ શોધવા તૈયાર છે.

. . . . . . . . . . . . . . . .

# CONGRESS ADHIVESAN

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટના ઇવેન્ટ સેન્ટર ખાતે આજે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ અધિવેશનમાં ગુજરાતની અને દેશની વર્તમાન રાજકીય સ્થિતિ તેમજ કોંગ્રેસને મજબૂત બનાવવા જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા કરાઇ રહી છે.

આ ઉપરાંત કોંગ્રેસના સંગઠનને મજબૂત બનાવવા માટેની ચર્ચા પણ આ અધિવેશનમાં દિવસ દરમિયાન કરાશે. ગઇકાલે શાહિબાગ સ્થિત સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે કોંગ્રેસ કાર્યકારિણીની વિસ્તૃત બેઠક યોજાઇ હતી.

. . . . . . . . . . . . . . . .

# CHINA FIRE

ઉત્તર ચીનના હેબેઈ પ્રાંતમાં એક નર્સિંગ હોમમાં આગ લાગવાથી ઓછામાં ઓછા 20 લોકોના મોત થયા છે. મંગળવારે રાત્રે લગભગ નવ વાગ્યે ચેંગડે શહેરના લોંગહુઆ કાઉન્ટીમાં આગ લાગી હતી. બુધવારે સવારે ત્રણ વાગ્યા સુધીમાં કુલ 20 લોકોના મોતની પુષ્ટિ થઈ હતી. અધિકારીઓનું કહેવું છે કે, આગ લાગવાના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . .

# DOMINICAN-REPUBLIC--ROOF-COLLAPSE

ડોમિનિકન ગણરાજ્યની રાજધાની સેન્ટો ડોમિંગોમાં ગઈકાલે એક ક્લબની છત ધરાશાયી થતાં પ્રાંતીય ગવર્નર સહિત 66 લોકોના મોત થયાના અહેવાલ છે. આ ઘટનામાં 150થી વધુ  ઇજાગ્રસ્ત થયા હતા.

ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના વડાએ જણાવ્યું કે, કાટમાળ નીચે ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો થઇ રહ્યા છે. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ ઘટના સમયે ક્લબમાં લગભગ એક હજાર લોકો ઉપસ્થિત હતા.

. . . . . . . . . . . . . . . .

# IPL

IPLમાં, આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ રમાશે.  મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

ગઈકાલે રાત્રે ચંદીગઢમાં, પંજાબ કિંગ્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 18 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, પંજાબ કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 219 રન બનાવ્યા. જવાબમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ 20 ઓવરમાં પાંચ વિકેટે 201 રન જ બનાવી શક્યું.

ગઈકાલે અન્ય એક મેચમાં, લખનૌ સુપર જાયન્ટ્સે કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે યજમાન કોલકાતા નાઈટ રાઇડર્સને ચાર રનથી હરાવ્યું.

. . . . . . . . . . . . . . . .